## મે. મજુર અદાલત, વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૬૮૬/૨૦૧૦**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી, ધીરજ હોસ્પીટલ** **આંક: ૧૩**
**C/o, સુમનદીપ યુનિવર્સિટી**
મુ.પો. પીપળીયા, તા. વાઘોડીયા,
જી. વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **તેજલ પી. જોષી**
**C/o, રાકેશભાઈ જાની 'ઓમ'**
I/20, કમલરાજ સોસાયટી,
રાધાપાર્ક સામે, સરદાર એસ્ટેટ,
ન્યુ વી.આઈ.પી. રોડ, વડોદરા–૧૯.

**હાજર રહયા :**
પ્રથમ પક્ષકાર તરફે : વિદવાન વકીલશ્રી એસ.કે.શાહ
બીજા પક્ષકાર તરફે : વિદવાન યુનિયન પ્રતિનિધિશ્રી વિષ્ણુભાઈ મકવાણા

### :: એ વો ર્ડ ::

(૧) હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / વ / એ. જે. / ૨૯૭૩૫, તારીખ : ૨૧/૧૦/૨૦૧૦ થી બીજા પક્ષકાર શ્રમયોગીશ્રી તેજલ પી. જોષીને તેમના પડેલા દિવસોના પૂરેપુરા પગાર સહિત મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેમજ પ્રથમ પક્ષકાર/સંસ્થા ધીરજ હોસ્પીટલ, તા. વાઘોડીયા, જી. વડોદરા વચ્ચે ઉપસ્થિત તકરારના ન્યાય નિર્ણય અર્થે સદરહુ કેસ અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકાર ધ્વારા આંક–૫ થી માંગણાનું નિવેદન રજૂ કરી તેઓને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલુ અન્યાયી, અયોગ્ય, કિન્નાખોરીભર્યુ તેમજ કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધનું ઠરાવી નોકરીની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવા દાદ માંગેલ છે.

(૩) સદર કામે પ્રથમ પક્ષકાર તરફે નોટીસ બજતાં હાજર થઈ આંક– ૮ થી લેખિત રજૂઆત/જવાબ રજૂ કરેલ છે અને બીજા પક્ષકાર ધ્વારા તેના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૪) ત્યારબાદ સદર કામે બીજા પક્ષકારના પુરાવા ઉપર આવતા બીજા પક્ષકારને સદર કામે પોતાનો પુરાવો રજૂ કરવા સારૂ પૂરતી તકો આપેલ હોવા છતાં તેઓ ધ્વારા સદર કામે કોઈપણ પ્રકારનો પુરાવો રજૂ કરેલ ન હોય, રેકર્ડ જોતાં કેસ ૨૦૧૦ ની સાલનો છે તેમજ બીજા પક્ષકારના પુરાવા પર સને ૨૦૧૨ થી હોવા છતાં પુરાવો રજૂ ન કરતા સદર કામે તા. ૧૫/૧૧/૨૦૧૬ ના રોજ આંક–૧ નીચે હુકમ કરી તેનો પુરાવાનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતાં જણાય આવે છે.

(૫) પ્રથમ પક્ષકાર તરફે પણ કોઈ પુરાવા માટે હાજર ન રહેતાં તેઓનો પુરાવો રજૂ કરવાનો હકક આંક–૧ ની હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

(૬) આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ જોતાં બીજા પક્ષકારએ સદર કામે તેના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોને લેખિત કે સોગંદ ઉપર મૌખિક પુરાવાથી પુરવાર કરવા સારૂ પૂરતી તકો આપેલ હોવા છતાં પૂરવાર કરી તેમને પ્રથમ પક્ષકારએ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છૂટા કરેલ છે તેવું સાબિત કરેલ ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

(૧) સદરહુ રેફરન્સ બીજા પક્ષકારના પુરાવાના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૦૬/૦૯/૨૦૧૮**
ટી. એચ. પટેલ–પી.એ.

**(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)**
**જી.જે.૦૧૨૯૧**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નંબર (૪),વડોદરા.**